# The Bar Council of Gujarat

3rd Floor, Satyamev Complex, Opp. Gujarat High Court, Sola, Ahmedabad - 380 060. Phone: (079) 2743 4073, 2970 1096
E-mail: mail@barcouncilofgujarat.org Website: www.barcouncilofgujarat.org

~~પ્રેસ-નોટ~~

Ref. No.: BCG / / 20 Date : 21/06/2020

## તારીખ ૩૧મી ડિસેમ્બર સુધી જરૂરિયાતમંદ ધારાશાસ્ત્રીઓને નોકરી કરવા માટે મુક્તિ

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન શ્રી સી.કે.પટેલ, વાઇસ-ચેરમેન શ્રી જીતેન્દ્ર બી.ગોળવાલા, એક્ઝીક્યુટીવ કમિટિના ચેરમેન શ્રી રમેશચંદ્ર એન.પટેલ, બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સભ્ય શ્રી દિલીપ કે.પટેલ તથા સભ્ય શ્રી અનિલ કેલ્લા એક સંયુક્ત અખબારીયાદીમા જણાવે છે કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આજરોજ મળેલ અસાધારણ સભામા છેલ્લા ત્રણ માસ ઉપરાંતના સમયથી કોવીડ-૧૯ કોરોનાની મહામારીને કારણે આશરે ૭૫.૦૦૦ ધારાશાસ્ત્રીઓ પૈકી સંખ્યાબંધ ધારાશાસ્ત્રીઓ વકીલાતના વ્યવસાયથી વંચિત થઇ ગયેલ છે. અને ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહયા છે અને પોતાની કૌટુંબિક જવાબદારી પણ યોગ્ય રીતે નિભાવી શકતા નથી. તેવા સંજોગોમાં આજની મીટીંગમાં સર્વાનુમતે એવુ નકકી કરવામાં આવેલ કે હાલમા બાર કાઉન્સિલના રોલ પર નોંધાયેલ કોઇપણ જરૂરિયાતમંદ ધારાશાસ્ત્રી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી પોતાની આર્થિક ઉપજ માટે વકીલાતના વ્યવસાયની ગરિમા જળવાય તેવા કોઇપણ નોકરી, ધંધો કે વ્યવસાય કરી શકશે. અને તેવા ધારાશાસ્ત્રીઓને એડવોકેટ એકટની કલમ-૩૫ માંથી મુક્તિ તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી આપવાનો નિર્ણય કરેલ છે. એડવોકેટસ એકટની કલમ-૩૫ મુજબ કોઇપણ ધારાશાસ્ત્રી વકીલાતના વ્યવસાય દરમિયાન અન્ય કોઇ નોકરી, ધંધો કે વ્યવસાયમા બાર કાઉન્સિલની પરવાનગી સિવાય જોડાઇ શકે નહિ. જેમાંથી ચોકકસ સમય માટે મુક્તિ આપવામા આવેલ છે. અને જે ઠરાવ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાને તાકીદે મંજુરી માટે મોકલી આપવાનુ નકકી કરવામા આવેલ છે જે મંજુરી મળ્યેથી આ જોગવાઈનો અમલ કરવાનો રહેશે.

આજની મીટીંગમા સર્વાનુમતે એવુ પણ નકકી કરવામાં આવેલ કે સને તા.૧/૯/૨૦૧૯ થી આજદિન સુધીના સમય દરમિયાન ભરવાની થતી વેલ્ફેર ફંડની રીન્યુઅલ ફી મોડી ભરનાર કોઇપણ ધારાશાસ્ત્રી પાસેથી રૂ.૨૫૦/- દંડની રકમની જે જોગવાઇ છે તેમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

વધુમાં, ગુજરાતના તાલુકા અને જિલ્લાની અદાલતો તાકીદે શરૂ કરવા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ધ્વારા તા.૧૮/૫/૨૦૨૦, તા.૨૭/૫/૨૦૨૦ અને તા.૧૫/૬/૨૦૨૦ ના રોજ ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસશ્રીને તેમજ ત્રણ નામદાર ન્યાયમૂર્તિશ્રીની બનેલી કમિટી સમક્ષ વીડીયો કોન્ફરન્સ ધ્વારા રજુઆત કરવામાં આવેલ.જે બાબતે નામદાર હાઇકોર્ટ તરફથી તમામ જિલ્લા અને તાલુકામાં કોવીડ-૧૯ના સંજોગોનો અભ્યાસ કરીને નિર્ણય કરવાની હૈયાધારણા આપવામા આવેલ નામદાર હાઇકોર્ટ જે કોઈ નિર્ણય કરશે તે સહર્ષ સ્વીકારવામાં આવશે.

આજની મીટીંગમાં સર્વાનુમતે એવુ પણ નકકી કરવામાં આવેલ કે, સમગ્ર ગુજરાતમાં જે કોઇપણ ધારાશાસ્ત્રીએ નામદાર કોર્ટ માટે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત માટે કે ચુંટાયેલા પ્રતિનિધિઓ માટે કોઇ અભદ્ર ભાષા વાપરેલ હોય અને તેને વોટસઅપ કે સોશીયલ મીડીયામાં મોકલેલ હોય તેઓના વિરૂધ્ધ પ્રોફેશનલ એથીકસના પગલા ભરવામા આવશે અને ચેરમેનશ્રીને તેઓ વિરૂધ્ધ નોટીસ કાઢી પગલા ભરવા સત્તા આપવામાં આવેલ છે.

તદઉપરાંત, કોરોનાની મહામારીને કારણે ગુજરી ગયેલ ધારાશાસ્ત્રીઓ માટે તેમજ ચીન ધ્વારા થયેલ હુમલામા શહીદ થયેલા સૈનિકો માટે બે મીનીટનુ મોન રાખી શ્રધ્ધાંજલિ આપવામા આવેલ.

આજની સભામાં સભ્યો શ્રી નલીન ડી.પટેલ, શ્રી હિતેશ જે.પટેલ,શ્રી કિરીટ એ.બારોટ, શ્રી દિપેન કે.દવે,શ્રી ભરત વી.ભગત, શ્રી શંકરજી એસ.ગોહિલ,શ્રી પરેશકુમાર આર.જાની,શ્રી હિરાભાઇ એસ.પટેલ, શ્રી પ્રવીણ ડી.પટેલ, શ્રી કિશોરકુમાર આર.ત્રિવેદી, શ્રી અનિરૂધ્ધસિંહ એચ.ઝાલા, શ્રી અફઝલખાન એચ.પઠાણ, શ્રી પરેશકુમાર એચ.વાઘેલા, શ્રી ગુલાબખાન પઠાણ તથા શ્રી રણજીતસિંહ રાઠોડનાઓએ હાજર રહી ચર્ચામા ભાગ લીધેલ.

Parmar P. M

(પી.એમ.પરમાર)
ઇન્ચાર્જ સેક્રેટરી.
બાર કાઉન્સિલ ઓફ ગુજરાત

Scanned with CamScanner